સુપામાં હડકાયા શ્વાને 5 ને બચકાં ભર્યાં

રામકથા પહેલાં જ ગામમાં ભયનો માહોલ, સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ



નવસારીઃ નવસારી તાલુકાના સુપા ગામમાં હડકાયા શ્વાનના હુમલાએ ગ્રામજનોની ઊંઘ હરામ કરી દીધી છે. છેલ્લા બે દિવસમાં એક શ્વાને દથી ૭ જેટલા લોકોને બચકાં ભરી ઈજાગ્રસ્ત કરતાં સમગ્ર ગામમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે. ગામના રસ્તાઓ પર નીકળવું પણ જોખમી બન્યું છે, સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઊભી થઈ છે. શ્વાનના હુમલાનો ભોગ બનેલા લોકોને તાત્કાલિક સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈ હડકવા વિરોધી રસી આપવામાં આવી હતી. જોકે, એક પછી એક હુમલાની ઘટનાઓ છતાં શ્વાનને પકડવાની કામગીરી સફળ નહીં થતાં ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે નારાજગી વધી રહી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ગ્રામ પંચાયત, નવસારી મહાનગરપાલિકા તંત્ર અને એનિમલ વેલફેર સંસ્થાઓને જાણ કરવા છતાં હજુ સુધી સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

ગુજરાત હાઇકોર્ટના 4 ઓગસ્ટ 2026ના મહત્ત્વના સૂચનો

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે રાજ્યમાં રખડતાં કૂતરાઓના નિયંત્રણ માટે નીચે મુજબનાં સૂચનો મૌખિક રીતે આપ્યાં હતાં.

1. **વિસ્તાર પ્રમાણે નસબંધીઃ** દરેક વિસ્તાર, ઝોન કે વોર્ડમાં કૂતરાઓની ઓળખ કરીને તબક્કાવાર નસબંધી કરવી.
2. **રસીકરણ ફરજિયાતઃ** કૂતરાઓને એન્ટી-રેબિઝ અને 9-in-1 રસી આપવાની વ્યવસ્થા કરવી.
3. **જીઓ-ટેગિંગઃ** દરેક કૂતરાની ઓળખ અને તેની નસબંધી તથા રસીકરણની વિગતોનો રેકોર્ડ રાખવો.
4. **વિસ્તાર પ્રમાણે મોનિટરિંગઃ** એક વિસ્તારમાં તમામ કૂતરાઓની નસબંધી થઈ છે કે નહીં તેની ખાતરી કરવી.
5. **વર્તનનું નિરીક્ષણઃ** કૂતરાઓના વર્તન પર નજર રાખવી અને આક્રમક તથા શાંત કૂતરાઓની ઓળખ કરવી.
6. **ખોરાકના કચરાનું નિયંત્રણઃ** શાળાઓ, હોસ્પિટલો અને અન્ય સંસ્થાઓમાં ખાદ્ય કચરો ખુલ્લામાં ન ફેંકાય તેની વ્યવસ્થા કરવી.
7. **સંસ્થાકીય પરિસરમાં ઓળખઃ** સંસ્થાઓમાં રહેતા કૂતરાઓની ઓળખ માટે શક્ય હોય ત્યાં કોલર લગાવવાનું સૂચન પણ કરાયું હતું.

રામકથામાં હજારો શ્રદ્ધાળુઓની સુરક્ષા કોણ સંભાળશે?

સુપા ગામમાં આગામી ડિસેમ્બર માસમાં ભવ્ય રામકથાનું આયોજન થવાનું છે. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, મહિલાઓ, બાળકો અને બહારગામના મુલાકાતીઓ ઉમટી પડવાના છે. બીજી તરફ ગામમાં હડકાયા શ્વાનનો આતંક યથાવત્ છે. આવી સ્થિતિમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ ગ્રામજનો ઉઠાવી રહ્યા છે.

ગ્રામજનોની તંત્ર સમક્ષ આરપારની માંગ ગ્રામજનોએ નિષ્ણાત ડોગ સ્કવોડની તાત્કાલિક મદદ મેળવી શ્વાનને પકડી સુરક્ષિત સ્થળે ખસેડવા માંગ કરી છે. સાથે જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એન્ટી-રેબીઝ રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા, રખડતા શ્વાનોનું રસીકરણ અને ખસીકરણ કરવા તથા રામકથા પહેલાં ગામમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા ગોઠવવા રજૂઆત કરી છે. હવે સવાલ માત્ર એક શ્વાનને પકડવાનો નથી, પરંતુ ગ્રામજનો અને આગામી ધાર્મિક મહોત્સવમાં ભાગ લેનારા હજારો લોકોની સુરક્ષાનો છે. કોઈ નિર્દોષ વ્યક્તિ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થાય અથવા જાનહાનિ થાય તે પહેલાં તંત્ર તાત્કાલિક મેદાનમાં ઉતરે તેવી સુપાવાસીઓની માંગ છે.

દમણમાં દારૂની હેરાફેરી, 500થી વધુ દારૂની પેટીઓ જપ્ત

દમણઃ સંઘપ્રદેશ દમણના કડૈયા કોસ્ટલ પોલીસે પાતલિયા વિસ્તારમાં આવેલી કમલા વાઈન શોપ સાથે સંકળાયેલા એક કથિત ગેરકાયદે ગોડાઉન પર છાપો મારી મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસની આ કાર્યવાહીમાં અંદાજે 500થી વધુ પેટી દારૂ જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતા હોવાની આશંકા હેઠળ 8થી 10 વાહનો પણ જપ્ત કરવાની કાર્યવાહી કરી છે. પોલીસનીઆ કાર્યવાહીને પગલે દારૂના ગેરકાયદે કારોબાર સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો, ક્યાં પહોંચાડવાનો હતો તે સહિતના મુદ્દાઓ તપાસનો વિષય બન્યો છે.

વટારથી 38 લાખના હાઈબ્રિડ વીડ ગાંજા સાથે એક ઝડપાયો

બે વોન્ટેડ, પાર્સલ પહોંચાડવાના 20 હજાર મળ્યા હતા



વાપીઃ વાપીના વટારથી એલસીબી ટીમે મોપેડચાલકને અટકાવી તલાશી લેતાં લેપટોપ બેગમાં રાખેલો હાઈબ્રીડ વીડ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ગાંજાનું વજન 1.091 કિલોગ્રામ હતું અને કિંમત 38,18,500 હતું. પાર્સલ પહોંચાડવાના રોકડા 20 હજાર આપેલા હતાં. પોલીસે મોબાઈલ ફોન, ગાંજો તથા મોપેડ મળી કુલ રૂ.38,98,510નો મુદ્દામાલ કબ્જે કરી બે ઈસમને વોન્ટેડ જાહેર કર્યા છે.

વલસાડ એલસીબીએ બાતમીના આધારે, વટાર ગામ, કેશવ કોલોની વાડીની સામે, તળાવ પાસે, દમણ વટાર રોડ ઉપર શંકાસ્પદ ઈસમ મોપેડ લઈને આવતો હોય જેને રોકી તેનું નામઠામ પૂછતા હિતેશ ઉર્ફે સોનુ ઈન્દ્રરાજ યાદવ (ઉ.આ.21, રહે., વટાર, વાપી, મૂળ યુપી) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસે રહેલી બેગ ચેક કરતાં પ્લાસ્ટિકના પેકિંગ મળી આવ્યા હતા. જે અંગે તેની પૂછપરછ કરતા નાર્કોટિક્સ પદાર્થ ગાંજો હોવાનું જણાવ્યું હતું. જેથી તેનું પરીક્ષણ કરવા માટે FSL ટીમ બોલાવી હતી અને ટીમ આવી પહોંચી પરીક્ષણ કરતાં તે સકારાત્મક પરિણામ આવ્યું હતું.

પોલીસ ટીમે હિતેશની વધુ પૂછતાછ કરતાં આ હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ત્રણેક દિવસ પહેલાં દમણમાં સુરજ નામનો ઈસમ મળ્યો હતો. જે બાદ તેણે ફોન કરી જણાવ્યું કે વટાર પાસે એક ઈસમ આવશે અને ગાંજાનું પાર્સલ આપશે. જે બાદ તેઓ મોપેડ લઈને વટાર ચાર્મીકાંટા આગળ પહોંચ્યો જ્યાં સુરજનો ઓળખીતો એક ઈસમ મળ્યો હતો અને તેણે ગાંજાનું પાર્સલ આપ્યું હતું અને તે પહોંચતું કરવાના કામના રોકડા 20 હજાર આપ્યા હતાં. ગાંજાનો જથ્થો આપનાર સૂરજ અને અજાણ્યાને વોન્ટેડ બતાવી વાપી ટાઉન પોલીસે મથકે ફરિયાદ નોંધાવ છે.

જમીનના વિવાદમાં ભાઈની હત્યા કરનારને આજીવન કેદ

ધરમપુર સેશન્સ કોર્ટનો ચુકાદો, ૩.5 હજારનો દંડ પણ ફટકારાયો

વલસાડઃ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં જમીનના જૂના વિવાદમાં પોતાના જ કૌટુંબિક ભાઈની કુહાડીના ઘા મારી નિર્મમ હત્યા કરવાના ચર્ચાસ્પદ કેસમાં ધરમપુર સેશન્સ કોર્ટે આરોપી રતિલાલ ગંગારામ સાનકરાને દોષિત ઠેરવી આજીવન કેદની સખ્ત સજા ફટકારી છે. આ સાથે આરોપીને રૂ.૫,૦૦૦નો આર્થિક દંડ પણ કરવામાં આવ્યો છે.

ઘટનાની વિગત મુજબ, કપરાડા વિસ્તારમાં રહેતા રતિલાલ ગંગારામ સાનકરા અને તેમના કૌટુંબિક ભાઈ સમીર રાજારામ સાનકરા વચ્ચે જમીનની માલિકીને લઈને થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ગુસ્સામાં આવી રતિલાલે સમીર પર કુહાડી વડે હુમલો કરી દીધો હતો. જેમાં સમીર સાનકરાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ચકચારી બનાવ અંગે પોલીસ ચોપડે હત્યાનો ગુનો નોંધાયા બાદ સમગ્ર કેસની સુનાવણી ધરમપુર સેશન્સ કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી. કેસની કાર્યવાહી દરમિયાન સરકારી વકીલ ભરતભાઈ પ્રજાપતિએ ધારાસૂચક પુરાવા અને મજબૂત દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની સજ્જડ દલીલો અને પુરાવા ધ્યાને લીધા બાદ, ધરમપુર સેશન્સ કોર્ટના જજ એમ. એ. મિર્ઝાએ આરોપી રતિલાલને હત્યાના ગુનામાં કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા સંભળાવી હતી.

કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ



વલસાડઃ કપરાડા તાલુકા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ ભરતભાઈ ગાવઠાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, સભા દરમિયાન પ્રમુખ ભરત ગાવઠાએ સુથારપાડામાં નિર્માણ થનારી લાઈબ્રેરીનું અન્ય સ્થળે સ્થળાંતર મુદ્દે તાલુકા વિકાસ અધિકારીને તપાસ કરવા અને સ્થાનિક યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે લાયબ્રેરી અતિ મહત્ત્વની હોઈ ઘટતું કરવા જણાવ્યું હતું. સાથે જ્યાં પંચાયતના મકાનની જગ્યા હોય તો નાની લાઈબ્રેરી શરૂ કરાશે તેમ જણાવ્યું હતું. સાથે સભ્યોને તેમના વિસ્તારમાં થઈ રહેલા વિકાસના કામો ઉપર નજર રાખવા અને ગુણવત્તાવાળું કામ થાય તે માટે આહવાન કર્યું હતું. તાલુકા વિકાસ અધિકારી પટેલે કચેરીમાં સફાઈ કામદાર રાખવાની જરૂરિયાત હોવાનું જણાવતા સભ્યોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

વેલવાચ નજીક પલ્સરે મોપેડને અડફેટે લેતાં યુવકનું મોત

વલસાડઃ ધરમપુરના સિદુમ્બર ગામના વતની પ્રદીપકુમાર જશવંતભાઈ પટેલ (ઉ.વ.૩૮) અને તેમના બનેવી દિવ્યેશભાઈ પ્રભુભાઈ પટેલ (રહે., ફલધરા) ગત ૪ નવેમ્બરની રાત્રે એક્ટિવા પર ટ્રેક્ટરનો સામાન લઈને પરત ફરી રહ્યા હતા. ત્યારે વેલવાચ વાઘદરડા ટાવર ચાર રસ્તા પાસે પલ્સર મોટરસાઇકલ (નં. GJ-15-EC-2172)ના ચાલક ચિંતનભાઈ જયંતિભાઈ પટેલ (રહે., ખેરલાવ પટેલ ફળિયા, તા. પારડી)એ ટક્કર મારતા પ્રદીપકુમારનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે ચિંતન અને દિવ્યેશભાઈને પણ ઈજા પહોંચી હતી. વલસાડ રૂરલ પોલીસે ચિંતન પટેલ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કસ્તુરબા હોસ્પિટલની 2.25 કરોડની આધુનિક આરોગ્ય સેવાની ભેટ

82 વર્ષની સેવાયાત્રામાં વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય



વલસાડઃ કસ્તુરબા વૈદ્યકીય રાહત મંડળ (KVRM) સંચાલિત કસ્તુરબા હોસ્પિટલ, વલસાડ દિવાળીના પાવન અવસરે અંદાજે 2.25 કરોડના ખર્ચે માત્ર 8 મહિનામાં નવનિર્મિત અત્યાધુનિક એરકન્ડિશન્ડ જનરલ વોર્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.


કસ્તુરબા હોસ્પિટલની કુલ બેડ ક્ષમતામાંથી 30 ટકાથી વધુ બેડ જનરલ વોર્ડ માટે ફાળવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ એવરેસ્ટ ફૂડ્સ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈના ઉદાર સહયોગથી સાકાર થયો છે. આ વોર્ડ સ્વ. હીરાબેન વાડીભાઈ શાહની પવિત્ર સ્મૃતિને સમર્પિત કરવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ કિરણ ઠાકોરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ અપુર્વ અર્જુનભાઈ દેસાઈ અને સમગ્ર ટ્રસ્ટી મંડળે દાતા સંજીવભાઈ વાડીભાઈ શાહ, રાજીવભાઈ વાડીભાઈ શાહ તથા સમગ્ર શાહ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. પ્રોજેક્ટના આયોજન અને સંકલનમાં સહયોગ બદલ શૈલેષભાઈ કામદારનો પણ વિશેષ આભાર માન્યો હતો. આ પ્રસંગે પૂજ્ય વિવેકસ્વરૂપ સ્વામીજી (કોઠારી સ્વામી), તિથલ સ્વામિનારાયણ મંદિરના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. કસ્તુરબા હોસ્પિટલની 82 વર્ષની સેવાયાત્રા સમાજના સહયોગ અને દાતાઓના વિશ્વાસથી અવિરત આગળ વધી રહી છે.

મોંઘા પ્રવાસમાંથી મુક્તિ દિવાળી વેકેશનમાં બજેટ-ફ્રેન્ડલી પ્રવાસ માટે

વલસાડ અને પડોશી વિસ્તારો પર્યટકોની પહેલી પસંદ

પર્યટકો માટે ઓછા ખર્ચે શાંતિપૂર્ણ વેકેશન માણવાનું મુખ્ય કેન્દ્ર બન્યા

વલસાડઃ દિવાળી વેકેશન શરૂ થતાં જ ઉત્તર ભારત, રાજસ્થાન કે ગોવા જેવા લોકપ્રિય પર્યટન કેન્દ્રો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યાં પહોંચ્યા પછી મોંઘીદાટ હોટેલો, ખાણીપીણીના ઊંચા ભાવો અને ભારે ટ્રાફિકના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું બજેટ ખોરવાઈ જતું હોય છે. આવા સમયે દક્ષિણ ગુજરાતનું વલસાડ તેમજ તેની સરહદે આવેલા વિસ્તારો સ્થાનિક નાગરિકો અને પર્યટકો માટે ઓછા ખર્ચે શાંતિપૂર્ણ વેકેશન માણવાનું મુખ્ય કેન્દ્ર બન્યા છે.



ધરમપુર, કપરાડાની લીલોતરી મોટું આકર્ષણ

કુદરતી સૌંદર્ય અને વનવિસ્તારની મજા માણવા માંગતા સહેલાણીઓ માટે ધરમપુર અને કપરાડાની લીલોતરી મોટું આકર્ષણ ઊભું કરી રહી છે. સહ્યાદ્રિની ગિરીમાળાઓ વચ્ચે વસેલું વિલ્સન હિલ, બરડા વોટરફોલ અને શંકર ધોધ પ્રકૃતિપ્રેમીઓથી ધમધમી રહ્યા છે. ધરમપુરનું ઐતિહાસિક લેડી વિલ્સન મ્યુઝિયમ અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર બાળકો માટે શિક્ષણ સાથે મનોરંજનનું ઉત્તમ માધ્યમ બન્યા છે. દરિયાકિનારાના શોખીનો માટે વલસાડનો તિથલ બીચ અને નજીક આવેલા સંઘપ્રદેશ દમણના જાંપોર તેમજ દેવકા બીચ સાંજનો સમય વિતાવવા માટે હોટફેવરેટ સાબિત થઈ રહ્યા છે.

મધુબન ડેમનું વિશાળ જળાશય કુદરતી નજારાઓથી ભરપૂર



આ સાથે સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના પ્રવાસન સ્થળો પણ સહેલાણીઓમાં ભારે લોકપ્રિયતા મેળવી રહ્યા છે. સિલ્વાસા નજીક આવેલું મધુબન ડેમનું વિશાળ જળાશય કુદરતી નજારાઓથી ભરપૂર છે. ખાસ કરીને મધુબન ડેમના જળવિસ્તાર સાથે જોડાયેલા દૂધની લેકના બંને કિનારા પર્યટકોને કાશ્મીરના દલ સરોવર જેવો અહેસાસ કરાવી રહ્યા છે. દૂધની ખાતે ચાલતી બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ સાહસપ્રેમીઓને આકર્ષી રહી છે. આ ઉપરાંત દાદરા નગર હવેલીનું વાસોના લાયન સફારી, સાતમાળિયા ડીયર પાર્ક અને વનગંગા ગાર્ડન પરિવારો માટે એક દિવસીય પિકનિકના ઉત્તમ વિકલ્પો સાબિત થઈ રહ્યા છે.

નારગોલ બીચ શ્રેષ્ઠ સ્થળ બની રહ્યો છે

દરિયાઈ શાંતિ અને પ્રાકૃતિક એકાંત શોધતા પ્રવાસીઓ માટે ઉમરગામ તાલુકાનો નારગોલ બીચ શ્રેષ્ઠ સ્થળ બની રહ્યો છે. સરુના ઘટાદાર વૃક્ષોની હારમાળા અને કાળી રેતી ધરાવતો આ દરિયાકિનારો ભીડભાડથી દૂર શાંત વાતાવરણ પૂરું પાડે છે. આ જ રૂટ પર આવેલું પારસી સમુદાયનું વિશ્વવિખ્યાત પવિત્ર ધર્મસ્થળ ઉદવાડા પણ ઐતિહાસિક વારસો અને શાંતિ માણવા માંગતા મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઉદવાડા ખાતે આવેલી પવિત્ર આતશ બહેરામની ધરોહર, પારસી સંસ્કૃતિ દર્શાવતી સદીઓ જૂની હવેલીઓ અને ત્યાંની શાંત શેરીઓ પ્રવાસીઓને એક અલગ જ સાંસ્કૃતિક સફરનો અનુભવ કરાવે છે.

સંક્ષિપ્ત સમાચાર

ભડકમોરાની એમ.જે. માર્કેટની બંધ દુકાનમાં આગ લાગી



વાપીઃ વાપી ભડકમોરા સ્થિત એમ.જે. માર્કેટમાં આવેલી એક બંધ દુકાનમાં આગની ઘટના બની હતી. આગ લાગતા આસપાસ લોકોમાં ભાગદોડ મચી હતી. દુકાન બંધ હોય આગ લાગ્યાની જાણ તરત જ ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવ સ્થળે વાપી નોટિફાઇડ અને વાપી મનપાની ફાયર ફાઇટરોની ટીમે પાણીનો મારો ચલાવી ગણતરીના કલાકમાં જ આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. દુકાન બંધ હોવાથી આગ કયા કારણોસર લાગી અને કેટલું નુકસાન થયું તેની વિગત જાણી શકાઈ નથી.

દાનહમાં સુન્ની જામા મસ્જિદ ટ્રસ્ટ દ્વારા 90થી વધુ વિદ્યાર્થીઓનું સન્માન



દમણઃ સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસ ખાતે સુન્ની જામા મસ્જિદ ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત ભવ્ય પુરસ્કાર વિતરણ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ મુસ્તાકભાઈ શાહ તવાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં વિસ્તારના ત્રણ મદરેસાના 90થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિઓ બદલ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે પ્રદેશ વકફ બોર્ડના સભ્ય મજીદ લધાણી ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં આરિફ શેખ, ત્રણેય મદરેસાના મૌલાનાઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટની આ પ્રથમ પહેલને સમાજમાં શૈક્ષણિક જાગૃતિ વધારવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રયાસ ગણાવવામાં આવ્યો હતો.

કપરાડામાં 'દિવ્યાંગ બાળકો સંગ દિપોત્સવની ઉજવણી' કાર્યક્રમ યોજાયો



વલસાડઃ કપરાડા તાલુકા કક્ષાએ દિવ્યાંગ બાળકો માટે 'દિવ્યાંગ બાળકો સંગ દિપોત્સવની ઉજવણી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ફટકડાં ફોડી અને કીટ મેળવી દિવાળીની ઉજવણી માણી હતી. ઉપસ્થિત તમામ અધિકારીઓ અને અતિથિઓએ દરેક બાળકોને દિવાળી નિમિત્તે ફટાકડા, મિઠાઈ, ટિફિન ડબ્બા, શૈક્ષણિક વસ્તુઓની કીટ ભેટમાં આપી હતી. જેમાં સહભાગી થનાર કુસુમ ફાઉન્ડેશન ફાઉન્ડર સ્નેહલભાઈ, કપરાડા ટીપીઈઓ મનોજભાઈ ટંડેલ, કપરાડા બી.આર.સી.કો.ઓ. સંજયભાઈ મકવાણા, આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

પારડીના તબીબ એમ.એમ. કુરેશીએ કઠિન ઈતિહાસ રચ્યો



પારડીઃ વલસાડ રનર્સ ગ્રુપ દ્વારા દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમવાર આયોજિત અત્યંત કઠિન ગણાતી VyROX એન્ડ્યુરન્સ ચેલેન્જમાં પારડી હોસ્પિટલના સંચાલક ડો. એમ.એમ. કુરેશીએ સફળતા મેળવી છે. પારડીના તબીબ એમ.એમ. કુરેશીએ 63 વર્ષની ઉમરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ફિટનેસ ક્ષેત્રે પડકાર ઝીલી નવો દાખલો બેસાડ્યો છે. આ ચેલેન્જમાં 7 કિલોમીટરનું રનિંગ અને તેની સાથે 7 ફિટનેસ કોઈપણ પડકારજનક એક્ટિવિટીઝથી પ્રકારની ઈજા વગર સફળતાપૂર્વક પૂર્ણ કરવાની હોય છે. ડો. એમ.એમ. કુરેશી પાસે આવી સ્પર્ધા માટે કોઈ ચોક્કસ તાલીમ કે સજ્જતા ન હોવા છતાં કેયુર શાહ, ડો. અનીશ દિવાનજી, ડો. હેતલ શાહ, ડો. કલ્પેશ જોશી અને ડો. સંજીવ જેવા સાથીઓના સતત પ્રોત્સાહન અને વિશ્વાસને છેલ્લી ઘડીએ તેમણે આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો.

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે બેઠક યોજાઈ



સાપુતારાઃ ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે આગામી ૧૫ નવેમ્બરના રોજ ગુજરાતના આદિજાતિ વિસ્તાર ધરાવતા ૧૪ જિલ્લાઓમાં ભવ્ય ઉજવણી કરાશે. ડાંગ જિલ્લામાં આ ઉજવણીના આયોજન અંગે તારીખ 3 નવેમ્બરના રોજ જિલ્લા કલેક્ટર પરમારના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમના આયોજન અંગેની જિલ્લાના સંકલન અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી. એક સપ્તાહ દરમિયાન યોજનાર જુદાં જુદા કાર્યક્રમોના આયોજન અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ, નાયબ વન સંરક્ષક (ઉત્તર) મુરારીલાલ મીણા, નાયબ વન સંરક્ષક (દક્ષિણ) નીરજકુમાર, પ્રાયોજના વહીવટદાર ડો. મયુર પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ અને જિલ્લાના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અબ્રામાની એન્જિનિયરિંગ કોલેજના અધ્યાપક પીએચ.ડી. થયા



નવસારી : અત્રેની અબ્રામા ખાતે આવેલી જી.આઈ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજમાં એપ્લાઇડ સાયન્સિસ એન્ડ હ્યુમેનિટીઝ વિભાગમાં ભૌતિકશાસ્ત્રના સહાયક અધ્યાપક તરીકે ફરજ બજાવતા ડો. આકાશ એન. પટેલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ડો. આકાશ એન. પટેલે "Design and Development of Adaptive Real Time Embedded System for Solar Power Plant Monitoring and Fault Management" વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિ જી.આઈ.ડી.સી. ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ તથા સમગ્ર કોલેજ પરિવાર માટે ગૌરવની બાબત છે. ડો. આકાશ એન. પટેલની આ સિદ્ધિ બદલ કોલેજના ટ્રસ્ટી, આચાર્ય, અધ્યાપકગણ તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.